## (B - 46) સુવર્ણપુરે વસ્યા એક સંત



(રાગ : ભેટે ઝૂલે છે તલવાર)

સુવર્ણપુરે વસ્યા એક સંત,
જન્મ્યા ભવ્યોને તારવા;
જેનાં પગલાંથી કણકણ પાવન,
બન્યું સુવર્ણ તીર્થધામ, જન્મ્યા૦

અપૂર્વ અલખ કોઈ એણે જગાડ્યો,
જગાડ્યા અનેક ભવ્ય જીવ, જન્મ્યા૦ ૧.

સોળ કળાએ જ્ઞાનસૂર્ય પ્રકાશ્યો,
પ્રકાશ્યો ચૈતન્યરાજ, જન્મ્યા૦

જેની મુદ્રામાં શાંતરસ છવાણા,
વાણીમાં અમીરસ ધાર, જન્મ્યા૦ ૨.

અંતરપટમાં ગૂઢતા ભરી છે,
કળવી મહા મુશ્કેલ, જન્મ્યા૦

અંતરહૃદયમાં કરુણાનો પિંડ છે,
દૃઢતાનો નહિ પાર. જન્મ્યા૦ ૩.

દર્શનથી સત્ રુચિ જાગે છે,
વાણીથી અંતર પલટાય; જન્મ્યા૦

સદ્‌ગુરુદેવા અમૃત પીરસતા,
સેવક વારી વારી જાય. જન્મ્યા૦ ૪.

સિંહકેસરીના સિંહનાદેથી,
હલાવ્યું છે આખું હિંદ, જન્મ્યા૦

સુવર્ણપુરીમાં નિત્ય નિત્ય ગાજતા,
આત્મ-બંસી કેરા સુર. જન્મ્યા૦ ૫.

જ્ઞાતા-અકર્તાનું સ્વરૂપ સમજાવે,
સ્વપરનો બતાવે ભેદ, જન્મ્યા૦

કલ્પવૃક્ષ અમ આંગણે ફળિયું,
મનવાંછિત દાતાર. જન્મ્યા૦ ૬.

શ્રી ગુરુદેવની ચરણસેવાથી,
ભવના આવે છે અંત, જન્મ્યા૦

તન-મન-ધન પ્રભુ ચરણે અર્પું;
તોયે પૂરું નવ થાય, જન્મ્યા૦ ૭.